RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 06* Date: 31.10.2020 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાનની ગુજરાતને દિવાળી ભેટઃ કેવડિયા પ્રવાસન સ્થળ તરીકે વિકસિત

# વડાપ્રધાને કેવડિયામાં જંગલ સફરી સહિત ત્રણ પ્રોજેક્ટોનું લોકાર્પણ કર્યું

### વડાપ્રધાન મોદીએ સૌ પ્રથમ ૧૭ એકરમાં ફેલાયેલ આરોગ્ય વનના લોકાર્પણ બાદ એક્તા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અને જંગલ સફારીનું ઉદ્ઘાટન કર્યું

*કેવડિયા,તા.૩૦*

આજથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના મહેમાન બન્યા છે. ત્યારે તેઓ સૌ પ્રથમ અમદાવાદથી સીધા ગાંધીનગર જવા રવાના થયા હતા. ત્યાં તેમણે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી. ત્યાર બાદ તેઓ કનોડિયા બંધુઓના નિધન પર શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી. વડાપ્રધાન ગાંધીનગરથી સીધા કેવડિયા જવા માટે રવાના થયા હતા. ૧૧.૪૦ વાગ્યાની આસપાસ તેઓ કેવડિયા પહોંચ્યા હતા અને ત્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેઓએ આરોગ્ય વન, એક્તા મોલ, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક અને જંગલ સફારીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે રાજયપાલ અને મુખ્યમંત્રી ખાસ હાજર રહ્યા હતા. આ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અહીં અલગ-અલગ અંદાજ જોવા મળ્યા. વડાપ્રધાને જંગલ સફારીનું નિરીક્ષણ કર્યું હતું અને વિવિધ પ્રકારના પ્રાણીઓ, પક્ષીઓને પણ નિહાળ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા આરોગ્ય વનનું ઉદ્ઘાટન કર્યું, આ દરમિયાન તેમણે સમગ્ર વનમાં ચક્કર પણ લગાવ્યું. પીએમ મોદીએ અહીં ગોલ્ફ કાર્ટમાં ઘૂમ્યા, આ દરમિયાન તેમની સાથે ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહ્યા. ત્યાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્કનું ઉદ્ઘાટન કર્યું.

પીએમ મોદીએ ચિલ્ડ્રન ન્યુટ્રિશિયન પાર્કની પણ મુલાકાત લીધી હતી. અદ્યતન ટેકનોલોજીથી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫ હજાર ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે. જયાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. ચિલ્ડ્રન પાર્કમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરી શકશે. ઉપરાંત તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, ૫-ઙ થિયેટર પણ છે. આ ટ્રેનમાં બેસીને પ્રધાનમંત્રીએ પાર્કની મુલાકાત લીધી હતી.



**એક્તા મોલ**

પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ વિશાળ એકતા મોલ બાંધવામાં આવેલ છે. જેમાં દેશના જુદાજુદા રાજયોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ એમ્પોરીયમ છે. એકતા મોલમાં જુદા જુદા રાજયોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદીનો પ્રવાસીઓ આનંદ માણે છે. જેમાં ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI એમ્પોરિયમ આવેલ છે.

**ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક**

તો અદ્યતન ટેક્નોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યિટ્રિશન પાર્ક આકર્ષણનું કેન્દ્ર છે ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કની વિશેષતાની વાત કરીએ તો અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે આ પાર્કમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટરનો પ્રવાસ કરી શકશે જેમાં ફળ-શાક ગૃહમ, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ, સ્વસ્થ ભારતમ્, ન્યુટ્રી હંટ જેવા સ્ટેશનો પણ આવે છે આ સ્થળોમાં ૪૭ ટેક્નોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજન સાથે માહિતી મળે તેવો પ્રયાસ કરાયો છે તો નાના-મોટા તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, ૫-ઙ થિયેટર,ભૂલ-ભુલૈયાં પણ છે.

**આરોગ્ય વન**

મહામારી વચ્ચે આરોગ્યનો વિષય દરેકને અસર કરે છે ત્યારે આરોગ્ય વન દ્વારા આયુર્વેદને ઓળખવાનું ઉત્તમ સ્થળ એટલે આરોગ્ય વન. આરોગ્ય વનની વિશેષતાઓ પર નજર કરીએ તો આરોગ્ય અને સુખાકારીને ધ્યાને રાખીને વૈદિક વૃક્ષો સાથેનું આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે અને ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન સ્થળનો સમાવેશ થાય છે તો ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝીટલ ઈન્ફર્મેશન સેન્ટર, સોવીનીયર શોપ તથા કાફેટેરિયાને પણ સમાવી લેવાયું છે.



અહીંના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના તબીબો અને નિષ્ણાત સ્ટાફની નેચર થેરાપીની પણ વ્યવસ્થા છે.

**જંગલ સફારી (સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક)**

વિશ્વમાં રેકર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી ૩૭૫ એકરમાં અને ૭ જુદી જુદી સપાટીએ બનાવવામાં આવેલ ''સ્ટેટ ઓફ આર્ટ'' ઝુઓલોજીકલ પાર્ક છે. જંગલ સફારીમાં પ્રવાસીઓને દેશના અને વિદેશના કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ જોવાનો આનંદ માણે છે. આ પ્રોજેકટમાં જુદા જુદા ૨૯ પ્રાણીઓ માટે ખાસ નિયત વિસ્તાર અને વિશ્વમાં સૌથી મોટા બે ''જીઓડેસીક ડોમ એવીયરીઝ''નો સમાવેશ છે. જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઉડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણે છે. જંગલ સફારી પ્રોજેકટમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો પણ પક્ષીઓ અને નાના પ્રાણીઓને અડી અને રોમાંચ અનુભવી શકે તેવો ''પેટીંગ ઝોન'' નો સમાવેશ છે. પેટીંગ ઝોનમાં મકાઉ, કોકેટુ, પરીશયન બિલાડી, સસલાઓ, ગુનીયા પીગ, નાનો અશ્વ, નાના ઘેંટા અને બકરા, ટર્કી અને ગીઝનો સમાવેશ છે.

### કુલ મૃત્યુઆંક ૧.૨૧ લાખ, રિક્વરી રેટ ૯૧.૧૫ ટકાએ પહોંચ્યો

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૮ હજારથી વધુ કેસ

*ન્યુ દિલ્હી,તા.૩૦*

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૮૬૪૮ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૦,૮૮,૮૫૧ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૭૩૮૬ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૩૭૩૩૭૫ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૯૪૩૮૬ સુધી પહોંચ્યો છે.

મહીનાઓ પછી છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૫૬૩ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૧૦૯૦ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૧.૧૫ ટકા સુધી પહોંચ્યો છે.



દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૪૪૫૧૭૦૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૧૭૩૮૦૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૦૦૪૬૦૫૨ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૩૨૩૧૮૪૬ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

# વડાપ્રધાને કેશુબાપા તથા કનોડિયા બંધુઓને શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના આપી



ગાંધીનગર,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસનાં ગુજરાત પ્રવાસે છે. કેશુભાઈ પટેલનાં ગુરૂવારે નિધન બાદ તેમણે ગુજરાત પ્રવાસનાં કાર્યક્રમમાં ફેરફાર કર્યો હતો. પીએમ મોદી સવારે ૯:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. જ્યાં સીએમ વિજય રૂપાણી, રાજ્યપાલ, પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ , અમદાવાદનાં મેયર બિજલ પટેલે તેમનું કોવિડની ગાઇડલાઇન પ્રમાણે સ્વાગત કર્યું હતું. એરપોર્ટથી પીએમ મોદી સીધા ગાંધીનગર કેશુભાઈ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. જયાં તેમણે કેશુબાપાને શ્રદ્ધાંજલિ અર્પી તેમના પરિવારને સાંત્વના પાઠવી હતી. યાર બાદ તેઓ મહેશ-નરેશ કનોડિયાના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં તેમણે બંન્ને બંધુઓને શ્રદ્ધાંજલિ આપીને કનોડિયા પરિવારને સાંત્વના આપી હતી. ત્યાર બાદ તેઓ ગાંધીનગર હેલિપેડથી કેવડિયા જવા રવાના થયા હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૯૬૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૨૦૦૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૨૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૫૫૨૦૫**

### ભારતમાં રશિયન વેક્સીનનું ટ્રાયલ આગામી વર્ષે પૂર્ણ થશે!

# રશિયામાં કોરોના વેક્સીનનું પરીક્ષણ અચાનક અટકાવાયું

*મૉસ્કો,તા.૩૦*

રશિયામાં કોરોનાની રસીના ટ્રાયલને હાલમાં રોકવામાં આવ્યા છે. રસીની વધતી માંગ સામે ડોઝની અછતને પગલે નવા સ્વયંસેવકો પર કોરોના વેક્સીનના પરીક્ષણને અચાનક રોકવામાં આવ્યું છે. ગુરુવારે પરીક્ષણ કરી રહેલી કંપનીના એક અધિકારીએ જણાવ્યું કે મોસ્કોની મહત્વકાંક્ષી કોરોના રસીની યોજના પર રોક લાગવી એક ઝટકા સમાન છે.

રશિયા દ્વારા શોધાયેલી કોરોના વેક્સીન સ્પુતનિક વીના અત્યાર સુધીના પરીક્ષણ દરમિયાન ૮૫ ટકા લોકોને તેની કોઈ સાઈડ ઈફેક્ટ નથી થઈ. આ વેક્સીન વિકસાવનાર ગાલમેયા રિસર્ચ સેન્ટરના હેડ એલેક્ઝેન્ડર ગિંટ્સબર્ગે આ અંગે માહિતી આપી હતી. એલેક્ઝેન્ડરે જણાવ્યું હતું કે કોરોના વેક્સીનની સાઈડ ઈફેક્ટ ૧૫ ટકા લોકો પર જોવા મળી છે. સ્પુતનિક વીના ત્રીજા તબક્કાના ટ્રાયલ્સ ચાલી રહ્યા છે.

ભારતમાં રશિયાની કોરોના વેક્સીનનું ટ્રાયલ આગામી માર્ચમાં પૂર્ણ થઈ શકે છે. રશિયન વેક્સીનનું ભારતમાં ટ્રાયલ કરી રહેલી હૈદરાબાદની કંપની ડો. રેડ્ડીએ જણાવ્યું કે રશિયાની કોરોના રસીના ત્રીજા તબક્કાનું હ્યુમન ટ્રાયલ માર્ચ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. ડો. રેડ્ડીના મુખ્ય કાર્યકારી અધિકારી ઈરેજ ઈઝરાયલે જણાવ્યું કે સ્પુતનિક વી વેક્સીનના મધ્યમ તબક્કાના પરીક્ષણ માટે રજીસ્ટ્રેશન આગામી કેટલાક સપ્તાહમાં શરૂ થશે અને ડિસેમ્બર સુધીમાં તેમ સમાપ્ત થવાની સંભાવના છે. સ્પુતનિક વીનું ભારતમાં પરીક્ષણ કરવા માટે ડો. રેડ્ડીને ડ્રગ કંટ્રોલ જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)એ મંજૂરી આપી હતી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) દ્વારા પણ વેક્સીનને મંજૂરી મળી છે. દેશમાં ૧૨ સરકારી અને પ્રાઈવેટ સંસ્થાઓ એકસાથે રસીનું પરીક્ષણ શરૂ થશે.

# નૌસેનાએ બંગાળની ખાડીમાં તૈનાત એન્ટી શીપ મિસાઈલ લોન્ચ કરી

*કલકત્તા,તા.૩૦*

ભારતીય નૌસેનાએ ફરી એક વખત પોતાની તાકાતનો પરચો દુનિયાને આપ્યો છે. બંગાળની ખાડીમાં તૈનાત એન્ટી શિપ મિસાઈલ કોરા પરથી નૌસેનાએ ટેસ્ટિંગ માટે એક મિસાઈલ લોન્ચ કરી હતી.જેણે ટાર્ગેટના ભુક્કા કાઢી નાંખ્યા હતા.મિસાઈલનુ નિશાન અચૂક રહ્યુ હતુ.નેવીએ કહ્યુ છે કે, મિસાઈલની મહત્તમ રેન્જનો ઉપયોગ કરીને નિશાન તાકવામાં આવ્યુ હતુ.

યુધ્ધ જહાજ કોરાનુ કામ જ દુશ્મન જહાજો પર મિસાઈલ લોન્ચ કરીને તેને તબાહ કરવાનુ છે.જહાજ પર કેએચ-૩૫ નામથી ઓળખાતી એન્ટી શિપ મિસાઈલ્સ ગોઠવવામાં આવી છે.ભારત પાસે કોરા જેવા જ બીજા ત્રણ મારકણા એન્ટી શીપ જહાજ છે.જેમાં આઈએનએસ કિર્ચ, આઈએનએસ કુલિશ અને આઈએનએસ કરમુકનો સમાવેશ થાય છે.જે જહાજ પરથી મિસાઈલ લોન્ચ કરાયુ હતુ તે આઈએનએસ કોરા ૧૯૯૮થી ભારતીય નૌસેનામાં સેવા આપી રહ્યુ છે.

## તંત્રી સ્થાનેથી...

# દેશના અર્થતંત્રને દોડાવવા દગાખોર ચીનના ઉત્પાદનનો ખરીદવાથી લોકો દૂર રહેશે કે કેમ.....?

દેશમાં કોરોના કેસોનો ઘટાડો થઈ રહ્યો છે અને તે પણ કોરોના મારક વેક્સિન શોધવામાં વિશ્વના દેશો સફળ નથી ત્યારે....! ભારતમાં ધીરી ગતિએ તબક્કાવાર અનલોક એક પછી એક જાહેર થતા ગયા છે અને લોકોમા હાશકારો જેલમાંથી છૂટયા હોય તેવો થયો છે. સરકારે દેશના અર્થતંત્રને દોડાવવા મોટા ઉધ્યોગો-ધંધાર્થીઓને લોન, વ્યાજ વગેરે માફ કરવા સાથે લોન સહાય આપી છતાં મોટા ઉદ્યોગો અગાઉની જેમ ધબકતા નથી થયા.....! તો તેનો લાભ સામાન્ય લોકો સુધી પહોંચ્યો નથી. પરિણામ સ્વરૂપ દેશમાં આત્યારે બેરોજગારી બેફામ વધી છે, તો મોંઘવારી અસહ્ય વધી છે, ખેડૂતો સાથે સતત અન્યાય થઈ રહ્યો છે, શિક્ષણક્ષેત્રે બેહદ ફી વધારો થયો છે જેને કારણે સામાન્ય વર્ગના કે ગરીબ વર્ગના બાળકો શિક્ષણથી વંચિત રહી જાય તેવી સ્થિતિ બની રહી છે, તો મહિલાઓ પર અત્યાચાર અને દુષ્કર્મની ઘટનાઓ પણ વધી ગઈ છે. સરકારે દેશના અર્થતંત્રને દોડતુ કરવામાં જેઓને તમામ રીતે સહાય કરી તેનો લાભ નીચેના સ્તર સુધી પહોંચ્યો જ નથી.....! દેશમાં નાના અને મધ્યમ સ્તરના વિવિધ કરોડો ઉદ્યોગો છે તેને સરકારે કદી યાદ કર્યા નહીં.... પરિણામે તેમાંના ૫૦% એકમો બંધ પડી ગયા છે. નાના-મધ્યમ ઉદ્યોગ કરોડો લોકોને રોજગારી આપતું હતું પરંતુ હવે સ્થિતિ પલટી ગઈ છે તેથી કરોડો લોકો બેરોજગાર બની ગયા છે, નવી નોકરીઓ ઊભી થઈ નથી જેથી શિક્ષિતો નોકરી મેળવવા ફાંફાં મારે છે. નવરાત્રી તહેવારના દિવસોમાં વિવિધ બજારો ધમધમી ઉઠતા હોય છે પરંતુ લોકોના ખિસ્સા ખાલી હોય તો બજારમાં ખરીદનારાઓ કેવી રીતે આવે.....? એટલે બજારની હાલત ઘણી જ ખરાબ થઈ ગઈ છે...ત્યારે સરકારે જમીન સ્તરે નાના- મધ્યમ ઉદ્યોગોને સીધી સહાય મળે તેવું આયોજન કરવું જરૂરી છે.... અને તો જ દેશનું અર્થતંત્ર દોડતુ થશે. નહીં તો.... દેશમાં દિવાળી પછી વધુ કપરા દિવસો આવશે તેવી બજારોના નિષ્ણાતોમાં ચર્ચા છે.....!

ભારત એક તરફ કોરોના વાયરસનો સામનો કરી રહ્યુ છે. તો પડોશી દેશોએ સરહદી ઉબાડીયા વધુ પ્રમાણમાં શરૂ કરી દીધા છે. તેમાં પણ ભારતના ખાસ મિત્ર ગણાતા શી જીન પિગ- ચીને ભારતને દોસ્તીનો અરીસો બતાવીને ભારતની પીઠમાં મોટું ખંજર ભોકી દીધું છે. સરહદો ઉપર સૈન્ય જમાવટ કરવા સાથે શસ્ત્રોના ગંજ ખડકી દીધા છે. પડોશી દેશ પાકિસ્તાનને મોટું કર્જ આપીને પોતાનું દાસ બનાવી દઈને ભારતના પાક.એ પચાવી પાડેલી પોક વિસ્તારમાં ડેમ બાંધવા સહિતની કામગીરી કરવા સાથે ભારતની સરહદ પર ગોળીબાર મોર્ટાર મારો વધારવા તેમજ આતંકી હુમલા વધારી દીધા છે. ભારતને ઘેરવા ભારતના તમામ પડોશી દેશોમાં વિકાસ કામોના નામે કે અન્ય બહાને ચીને ઘૂસણખોરી કરી છે. જેની સામે ભારતે તેની એપ પર પ્રતિબંધો મૂકી તેનું નાક દબાવતા ચીન ભુરાટુ થયું છે. ત્યારે ભારતના લોકોએ ચીની માલ-સામાનનો બહિષ્કાર કરતાં ચીનને મોટો આર્થિક ફટકો પડ્યો... પરંતુ અનલોક પછી ઈલેક્ટ્રીકલ્સ આને ઈલેક્ટ્રોનિક માલસામાનથી ભારતનાં બજારો ઉભરાવા લાગ્યા છે. તેમાં પણ મોબાઈલ બજારમા મોટો હિસ્સો છે. અને ભારતના લોકો ચીની ઉત્પાદનો ખરીદવા તરફ વળતા ચીનને આર્થિક લાભ કરાવવા લાગ્યા છે. જે બાબત મોટા ભાગના લોકો પોતે નથી જાણતા...કે આ ચીની ઉત્પાદનો છે. તો હવે દિવાળીના તહેવારોમાં ફટાકડાઓ, ઈલેક્ટ્રિકલ માલસામાનમાં સિરીજો, રંગબેરંગી લાઈટો તથા તેના ઉપકરણો ઠાલવી દીધા છે.... ત્યારે લોકોએ હવે જાગૃત થઈને ચીનને ફટકો આપવા કમર કસવી પડશે....ચીની ઉત્પિદનો ખરીદવાથી દૂર રહેવું રહેવું જરૂરી છે... નહીતો ફટકો ભારતને જ પડશે અને આપણે ભારતવાસીઓ છીએ ત્યારે તે સહન કરવાનું આપણે જ આવશે.....! વંદે માતરમ

## અમેરિકા, યૂરોપના દેશો અને ભારતે ટેકો જાહેર કર્યો

# ત્રણ લોકોની હત્યા બાદ ફ્રાન્સે ઈસ્લામી આતંકવાદ સામે યુદ્ધની જાહેરાત કરી

*પેરિસ,તા.૩૦*

ફ્રાન્સે ઈસ્લામી આતંકવાદ સામે યુદ્ધની જાહેરાત કરી હતી જેને અમેરિકા, યૂરોપના દેશો અને ભારતે પોતાનો ટેકો જાહેર કર્યો હતો.



પંદરેક દિવસ પહેલાં એક ઈતિહાસ શિક્ષકની હત્યા થઈ ત્યારે પણ ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ એને ઈસ્લામી આતંકવાદની ઘટના ગણાવી હતી. ગુરૂવારે ફ્રાન્સના એક ચર્ચમાં ત્રણ વ્યક્તિન હત્યા થઈ હતી. ત્યાર બાદ ફ્રાન્સની સરકારે ઈસ્લામી આતંકવાદ સામે લડાઈની જાહેરાત કરી હતી.

યોગાનુયોગે મલેશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન અને કટ્ટરવાદી મુસ્લિમ નેતા મહાતીર મુહમ્મદે એક પછી એક ટ્વીટ કરીને એવો દાવો કર્યો હતો કે મુસ્લિમોને ફ્રાન્સના લોકોને મારવાનો અધિકાર છે. ફ્રાન્સે પોતાના ઈતિહાસમાં લાખો લોકોની હત્યા કરી હતી જેમાં અનેક મુસ્લિમો પણ હતા. મુસ્લિમોને આવા નરસંહારનો બદલો લેવા ફ્રાન્સની પ્રજાને મારવાનો અધિકાર હતો. આ ટ્વીટથી સમગ્ર યૂરોપમાં રોષની લાગણી ફરી વળી હતી.

જો કે ટ્વીટરે મહાતીરની આ ટ્વીટને ડિલિટ કરી નાખી હતી અને કહ્યું હતું કે આ પ્રકારની ટ્વીટ અમારા નીતિ નિયમોની વિરુદ્ધ હતી. જો કે ત્યાર પછી પણ મહાતીરે એવી ટ્વીટ કરી હતી કે હજુ સુધી મુસ્લિમોએ આંખનો બદલો આંખની નીતિ અખત્યાર કરી નથી. આ નીતિ અખત્યાર કરશે તો શું થશે એની કલ્પના ફ્રાન્સને નથી. આ ટ્વીટ ફ્રાન્સનેન એક પ્રકારની ચેતવણી હતી.

મહાતીરની સાથે પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાન અને તૂર્કીના રાષ્ટ્રપ્રમુખ રજબ તૈયબે પણ ફ્રાન્સમાં ઈસ્લામના નામ પર થઇ રહેલી હત્યાઓ અને હિંસાને વાજબી ઠરાવતી ટ્વીટ કરી હતી. તૂર્કીના પ્રમુખ રજબ તૈયબે કહ્યું હતું કે હું દુનિયાભરના મુસ્લિમોને હાકલ કરું છું કે ફ્રાન્સની ચીજો ખરીદશો નહીં. ફ્રાન્સે તૂર્કીની ચીજો ખરીદવી નહીં એવી હાકલ કરી છે તેમ હું તમને સૌને હાકલ કરું છું કે ફ્રાન્સની ચીજોનો બોયકોટ કરજો.

જો કે ઈસ્લામી આતંકવાદ સામે ઝુકવાનો ફ્રાન્સે સ્પષ્ટ શબ્દોમાં ઈનકાર કર્યો હતો અને એની સામે લડવાની જાહેરાત કરી હતી.

# પુલવામા હુમલાને લઈ શેખી મારનાર પાક.ના મંત્રીએ ફેરવી તાળ્યું

*ઈસ્લામાબાદ,તા.૩૦*

આદતથી મજબૂર પાકિસ્તાનના કેન્દ્રીય મંત્રી ફવાદ ચૌધરીએ કહ્યું કે તેમણે ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ભારતની તરફથી થયેલી એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાનના મજબૂત રિસ્પોન્સના સંબંધમાં આ વાત કહી હતી. તેને ખોટી સમજી લેવામાં આવી. એક ન્યૂઝ ચેનલ સાથે વાતચીત કરતાં ફવાદ ચૌધરીએ કહ્યું કે પુલવામામાં ગયા વર્ષે બે ઘટના બની હતી. એક ૧૪ ફેબ્રુઆરીના રોજ અને બીજી ૨૬ ફેબ્રુઆરીના રોજ બની હતી. ફવાદે દાવો કર્યો કે તેમણે સંસદમાં જે ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો તે ૨૬ ફેબ્રુઆરીની હતી. જયારે હિન્દુસ્તાન પાકિસ્તાનની સરહદમાં ઘૂસ્યું હતું અને ત્યારબાદ તેમના દેશે જડબાતોડ જવાબ આપ્યો હતો.

ફવાદ એ કહ્યું કે ૧૪ ફેબ્રુઆરીના રોજ પુલવામામાં જે થયું તે ચોક્કસપણે ગભરાટભર્યું હતું. તેના પર આપણા પ્રાઈમ મિનિસ્ટરે પણ વાત કરીને ઓફર કરી હતી કે તમે પુરાવાઓ આપો. આપણે સાથે મળી તપાસ કરીએ. પરંતુ તમે તો એ પણ ના કર્યું. ફવાદે એવો પણ દાવો કર્યો કે તેઓ ગભરાટને પસંદ કરતા નથી. પરંતુ દેશના સ્વાભિમાનની રક્ષાથી પાછળ પણ રહેશે નહીં.

આપને જણાવી દઈએ કે ફવાદ ચૌધરીએ આની પહેલાં પાકિસ્તાનની સંસદમાં નિવેદન આપતા માન્યું હતું કે પુલવામામાં ઝઈંહ્વના કાફલા પર હુમલામાં પાકિસ્તાનનો હાથ હતો. તેમણે કહ્યું કે પુલવામા હુમલો પાકિસ્તાનની કામયાબી છે. ફવાદ ચૌધરીએ પુલવામા હુમલાનો શ્રેય ઈમરાન ખાન અને તેમની પાર્ટીને આપ્યો. તેમણે કહ્યું કે પુલવામા હુમલો ઈમરાન ખાન માટે એક ઉપલબ્ધિ છે. પરંતુ તેમના આ નિવેદનનો પાકિસ્તાની સેનાને નુકસાન થતું જોઇ હવે તેઓ પોતાના આ નિવેદનથી પલટતા દેખાય છે.

# ભોપાલ બાદ મુંબઈમાં ફ્રાંસ વિરોધી દેખાવો, રસ્તા પર ચોંટાડાયા મેક્રોનના પોસ્ટર

*મુંબઈ,તા.૩૦*

ફ્રાંસમાં પૈગંબર મોહમ્મદના કાર્ટુન અને ફ્રાન્સિસી રાષ્ટ્રપ્રમુખની ટિપ્પણીને લઈને મુસ્લિમ દેશોમાં ચાલી રહેલા વિરોધ-પ્રદર્શનની આંચ ભારત સુધી પહોંચી ગઈ છે. ભોપાલમાં જયાં કોંગ્રેસના ધારાસભ્યના નેતૃત્વમાં ફ્રાન્સ વિરુદ્ધ વિશાળ રેલી કાઢવામાં આવી, ત્યારે મુંબઈના ભિંડી બજારમાં રાતોરાત રસ્તા પર ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ વિરુદ્ધ પોસ્ટરો લગાવી દેવામાં આવ્યા. આ વચ્ચે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રેલી કાઢનારાઓ વિરુદ્ધ કડક એક્શન લેવાની વાત કરી છે. જણાવી દઈએ કે નીસમાં ગુરુવારે થયેલા હુમલામાં અન્ય દેશો સાથે પીએમ મોદીએ પણ ફ્રાંસ સાથે આતંકવાદની લડાઈમાં સાથે હોવાનું જણાવ્યું હતું.

ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ વિરુદ્ધ ભોપાલના ઈકબાલ મેદાનમાં મોટી રેલી કાઢવામાં આવી. કોંગ્રેસના ધારાસભ્ય આરિફ મસૂદે આ રેલીનું આયોજન કર્યું. સોશિયલ મીડિયા દ્વારા હજારોની ભીડ ઈકબાલ મેદાનમાં એકઠી કરાઈ, જ્યાં મૈક્રોંનું પૂતળું બાળવામાં આવ્યું. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કોરોનાકાળમાં મંજૂરી લીધા વિના આ પ્રકારની રેલી કાઢનારાઓ વિરુદ્ધ એક્શન લેવાની વાત કરી છે. તેમણે ટ્વીટ કર્યું છે, મધ્ય પ્રદેશ શાંતિનો પ્રદેશ છે. તેની શાંતિને ભંગ કરનારાઓ વિરુદ્ધ અમે કડક પગલા ભરીશું. આ મામલામાં ૧૮૮ IPC અંતર્ગત મામલો દાખલ કરીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. કોઈપણ દોષીઓને છોડવામાં નહીં આવે, પછી તે કોઈપણ હોય.

શિવરાજ સરકાર દ્વારા કાર્યવાહીની વાત પર કોંગ્રેસના ધારાસભ્ય મસૂદે રેલી કાઢવા પર બચાવ કર્યો. મસૂદે કહ્યું, ફ્રાંસના રાષ્ટ્રપતિએ જે અમારા ધર્મગુરુ અને ધર્મ વિશે ટિપ્પણી કરી, અમે તેનો વિરોધ કર્યો છે. કોઈનો ધર્મ કોઈપણ ધર્મગુરુ વિરુદ્ધ ટિપ્પણી કરવાની અનુમતી નથી આપતો. તેમણે જે ટિપ્પણી કરી અને કાર્ટુન બનાવ્યું અમે તેનો વિરોધ કર્યો છી.' તેમણે કહ્યું કે, તે કોઈપણ કાર્યવાહી માટે તૈયાર છે. બીજી તરફ મુંબઈમાં પણ ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ મૈક્રોં વિરુદ્ધ પ્રદર્શન જોવા મળ્યું. ફ્રાંસનો વિરોધ કરી રહેલા મુસ્લિમ દેશોની જેમ મુંબઈના ભિંડી બજારમાં રાતોરાત રસ્તા પર મૈક્રોના પોસ્ટર લગાવી દેવામાં આવ્યા. સવારે જ્યારે લોકો બહાર નીકળ્યા તો રસ્તા પર આ પોસ્ટર જોઈને હેરાન રહી ગયા. સોશિયલ મીડિયા પર પણ પોસ્ટરને રોડ પર લગાવ્યા હોવાનો વિડીયો વાઈરલ થઈ ગયો.

# કાયર પાકિસ્તાનીઓએ પાપોની ભારે કિંમત ચૂકવવી પડશેઃ રવિંદર રૈના

*શ્રીનગર,તા.૩૦*

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ભાજપ કાર્યકર્તાઓની હત્યા પર પાર્ટીએ આક્રોશ વ્યકત કર્યો છે. એક દિવસ બાદ કાર્યકર્તાઓના મોત પર દુઃખ વ્યકતા કરતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ રવિંદર રૈનાએ કહ્યું કે પાકિસ્તાને પોતાના પાપોની ભારે કિંમત ચૂકવવી પડશે. તેમણે કહ્યું કે એક-એકને પકડી-પકડીને મારીશું.

રૈનાએ કહ્યું કે તેઓ (મૃતક) બહાદુર ભાજપ કાર્યકર્તા હતા. ભારત માતા માટે તેમની શહીદી બેકાર જશે નહીં. કાયર પાકિસ્તાનીઓને પોતાના પાપોની ભારે કિંમત ચૂકવવી પડશે. એક-એક ગુનેગારોને મોતને ઘાટ ઉતારાશે.

આપને જણાવી દઇએ કે ગુરૂવારના રોજ ભાજપના ત્રણ કાર્યકર્તાઓની કાશ્મીરમાં હત્યા કરી દીધી. મૃતક કાર્યકર્તાઓની ઓળખ ફિદા હુસૈન યાતૂ, ઉમર રાશિદ બેગ અને ઉમર રમઝાન હજામ તરીકે થઇ છે. ભાજપ સિવાય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ઘટનાની આકરી નિંદા કરી છે. કાર્યકર્તાઓની હત્યાની જવાબદારી ધ રેજિસ્ટેંસ ફ્રન્ટ (TRF)એ લીધી છે.

# રશિયામાં અલ્લાહૂ અકબરના નારા સાથે પોલીસકર્મી પર ચાકૂથી હુમલોઃ હુમલાખોર ઠાર

*મૉસ્કો,તા.૩૦*

રશિયાના મુસ્લીમ બહુમતિ ધરાવતા વિસ્તારમાં આજે એક હુમલાખોરે અલ્લાહૂ અકબર બોલતા બોલતા એક પોલીસકર્મી પર ચાકુ વડે હુમલો કર્યો હતો. જોકે પોલીસે હુમલાખોરને ગોળી મારીને ઠાર માર્યો હતો. આ હુમલાખોરે કુકમ્મોર વિસ્તારમાં પોલીસ સ્ટેશનને આગ ચાંપવાનો પણ પ્રયાસ કર્યો હતો.

૧૬ વર્ષના આ કિશોર હુમલાખોર ધારદાર ચાકુથી સજ્જ હતો અને તેને ગોળી મારવામાં આવી તે પહેલા એક પોલીસકર્મીને પણ ગંભીર રૂપે ઘાયલ કર્યો હતો.

સ્થાનિક મીડિયાના જણાવ્યા પ્રમાણે આ હુમલાખોરનું નામ અંતીપોવ છે. રશિયાની તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, તે તેને આતંકવાદી ઘટના ગણી આગળની કાર્યવાહી કરી રહી છે અને કેસ નોંધવામાં આવ્યો છે. રશિયાની સમાચાર એજન્સી ઈંટરફેક્સના જણાવ્યા પ્રમાણે હુમલાખોર અલ્લાહૂ અકબરના નારા લગાવી રહ્યો હતો. તેણે પોલીસ જવાનને કાફિર ગણાવીને તેના પર હુમલો કર્યો હતો. આ ઘટના મુસ્લીમ બહુમતિ ધરાવતા ટટારસ્તાનમાં ઘટી હતી.

તપાસકર્તાઓના જણાવ્યા પ્રમાણે હુમલાખોરે જીલ્લાની પોલીસની એક ઈમારતને પણ અગાના હવાલે કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેની ધરપકડ કરતી વખતે તેણે પોલીસ અધિકારી પર હુમલો કર્યો હતો અને અધિકારીને ચાકુ મારી દીધું હતું. તેણે પોલીસકર્મીઓને કહ્યું હતું કે, હું તમને બધાને મોતને ઘાટ ઉતારવા જઈ રહ્યો છું. આમ કહેતાની સાથે જ તેણે પોલીસ અધિકારી પર ત્રણ વાર ચાકુ વડે હુમલો કર્યો હતો. એક પોલીસ અધિકારીએ હુમલાખોરને ચેતવણી આપતા હવામાં ગોળીબાર કર્યો હતો પણ તે માન્યો નહોતો. ત્યાર બાદ પોલીસે તેને ગોળી મારી દીધી હતી. હુમલાખોર ઘટનાસ્થળે જ મોતને ભેટ્યો હતો.

ઈજાગ્રસ્ત પોલીસ અધિકારીને હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યો છે પણ તેની સ્થિતિ હજી પણ ગંભીર છે. તપાસકર્તાઓએ આ ઘટનાને 'આતંકી ઘટનાનો પ્રયાસ' ગણાવતા કેસની તપાસ શરૂ કરી દીધી હતી. અંતીપોવ સાઈબેરિયા અલ્ટાઈ વિસ્તારનો છે. તે એક હલાલ કાફેમાં કામ કરે છે. આ કાફેના માલિક પણ હથિયારોમાં ગેરકાયદેસર હથિયારો બનાવવાના અને તોડફોડ કરવાના આરોપમાં ૧૪ વર્ષની જેલની સજા ભોગવી ચુક્યો છે. આ કેસમાં આ કેફેના માલિક સામે પણ તાપસ કરવામાં આવી શકે છે.

## બિહાર ચૂંટણી વચ્ચે મુખ્યમંત્રીની ગુગલી

# વસતિના પ્રમાણમાં અનામત આપવાની નીતિશ કુમારની જાહેરાત

*પટના,તા.૩૦*

બિહાર વિધાનસભાની ચૂંટણીના રાજકીય અખાડામાં હવે અનામતનો દાવ પણ ખેલાઈ ગયો છે. સીએમ નીતીશ કુમારએ વસતીના હિસાબથી અનામતની હિમાયત કરી છે. નીતીશકુમારનું કહેવું છે કે તેમનું હંમેશાથી એ મંતવ્ય રહ્યું છે અને તેઓ તેના પર અડગ છે કે જાતિઓને તેમની વસતી પ્રમાણે જ અનામત મળવું જોઈએ.



ઉલ્લેખનીય છે કે બિહારના રણમાં પાર્ટીઓ વોટ માટે તનતોડ મહેનત કરી રહ્યું છે. રોજગાર અને કાયદા વ્યવસ્થાને લઈ ગોટાળાની જોરદાર ચર્ચા થઈ રહી છે. પરંતુ હવે વારો આવ્યો છે નવા રાજકીય શસ્ત્રોને અજમાવાની અને આ બધાની વચ્ચે નીતીશ કુમારે ખેલ્યો અનામતનો દાવ.

વાલ્મીકિનગરમાં નીતીશકુમારે કહ્યું કે જાતિઓની વસતીના હિસાબથી અનામત મળવું જોઈએ. અસલમાં વાલ્મીકિ નગરમાં થારૂ જાતિના ઘણા વોટ છે અને આ જાતિ જનજાતિમાં સામેલ કરવાની માંગણી ઉઠાવી રહ્યું છે. તેનું સમર્થન કરતાં નીતિશકુમારે કહ્યું કે વસતી ગણતરી અમારા લોકોના હાથમાં નથી પરંતુ અમે ઈચ્છીશું કે જેટલા લોકોની વસતી છે તે પ્રમાણે લોકોને અનામત મળે. તેમાં અમારો કોઈ બેમત નથી.


સીએમ નીતીશકુમારે એ પણ દાવો કર્યો કે થારૂને અનામતનો ફાયદો અપાવા માટે તેઓ વર્ષોથી કોશિષ કરી રહ્યા છે. ત્યારથી જયારથી તેઓ અટલ સરકારમાં રેલવે મંત્રી હતા. અસલમાં અહીં પ્રચાર કરવા માટે પહોંચેલા નીતીશ કુમાપની સામે થારૂ જાતિએ પૂરજોર રીતે અનામતનો મુદ્દો મૂકયો હતો.

## અમેરિકામાં કોરોનાથી ૨.૨૯ લાખ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યો

# અમેરિકામાં એક જ દિવસમાં ૯૧,૦૦૦ કરતા વધારે કેસ નોંધાયા, હોસ્પિટલો ઉભરાઈ

*વૉશિંગ્ટન,તા.૩૦*

અમેરિકામાં કોરોના કેસના એક દિવસમાં નોંધાતા કેસોએ નવો રેકોર્ડ તોડ્યો છે, અહીં એક દિવસમાં ૯૧,૦૦૦ કરતા વધારે કેસ નોંધાયા છે. કેસો વધવાની સાથે હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે. અમેરિકામાં કોરોના વાયરસને કાબૂમાં લાવવા માટેના પ્રયાસો વચ્ચે નવો ઉછાળો આવતા ચિંતામાં વધારો થયો છે. ઠંડીનું પ્રમાણ વધતા પણ કોરોનાનો ખતરો વધવાની આશંકાઓ વ્યક્ત કરાઈ રહી છે અને ધીમે-ધીમે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી આવી રહી છે અને તેના પહેલા આ રીતે કેસમાં આવેલો ઉછાળો ચિંતાનું કારણ બન્યા છે.



અમેરિકામાં કોરોના વાયરસના કેસમાં આવેલા ઉછાળાની સૌથી વધારે અસર ઓહિયો, મિશિગન, નોર્થ કેરોલિન, પેન્સિવેલિયા અને વિસકોન્સિનમાં થયો છે. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પહેલા કોરોના જે રીતે ફેલાઈ રહ્યો છે તેના કારણે ચિંતાનો વિષય બન્યો છે.આ સાથે યુરોપમાં પણ રેકોર્ડ લેવલ પર કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. અહીં કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા માટે ફ્રાન્સ અને જર્મનીમાં આ અઠવાડિયે લોકડાઉન જાહેર કરાયું છે.

આ પહેલા અમેરિકામાં ૨૩ ઓક્ટોબરે ૮૪,૧૬૯ નવા કેસ નોંધાયા હતા, કોઈ એક દેશમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસના રેકોર્ડમાં ભારતમાં ૧૭ સપ્ટેમ્બરે ૯૭,૮૯૪ કેસ નોંધાયા હતા.

વ્હાઈટ હાઉસના કોરોના વાયરસ ટાસ્કફોર્સે જણાવ્યું કે, કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે જરુરી પગલા ભરવામાં આવી રહ્યા છે. ગુરુવારે ૧૨ રાજયોમાં એક દિવસમાં કોરોના વાયરસના નવા કેસનો નવો રેકોર્ડ નોંધાયો હતો. કોરોના વાયરસના કેસ વધવાની સાથે હોસ્પિટલમાં આવતા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ ગયો છે. ગુરુવારે ઓક્ટોબરમાં ત્રીજી વખત કોરોનાના કારણે ૧૦૦૦ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં કોરોના વાયરસથી ૨,૨૯,૦૦૦ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે, અહીં દુનિયાના બાકી દેશો કરતા સૌથી વધુ લોકોએ કોરોના વાયરસના કારણે જીવ ગુમાવ્યો છે. ઓક્ટોબરમાં હોસ્પિટલમાં આવતા દર્દીઓની સંખ્યામાં ૫૦%નો ઉછાળો આવ્યો છે.

# દિલ્હીમાં પ્રદૂષણ ભયજનક સ્તરેઃ એર ક્વોલિટી ઇન્ડેક્સ ૪૦૦ને પાર

*ન્યુ દિલ્હી,તા.૩૦*

દેશના પાટનગર નવી દિલ્હીમાં પ્રદૂષણ અનહદ વધી ગયાના અહેવાલ હતા. એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ના આંકને વટાવી ગયો હતો. પર્યાવરણવાદીઓએ દાવો કર્યો હતો કે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. પ્રદૂષણનું પ્રમાણ એટલું બધું વધી ગયું હતું કે આજે શુક્રવારે સવારે સડકો પર ગાઢ ધૂમ્મસ જેવું પ્રદૂષણ હતું. વિઝિબિલિટી ઘટી ઘઈ હતી અને વાહન ચાલકો તેમજ પગે ચાલનારા શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાની ફરિયાદ કરતા હતા. આનંદ વિહાર, જહાંગીરપુરા, બવાના, નરેલા, પંજાબી બાગ, પડપડગંજ, રોહિણી અને વઝીરપુરમાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૮૦ના આંકડાને વટાવી ગયો હતો.કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે વિવિધ વિસ્તારના એર ક્વોલિટી ઈન્ડેક્સના આંકડા જાહેર કર્યા હતા.

# મેટરનીટી લીવ લેનારની નોકરી છીનવી શકાય નહીંઃ સુપ્રિમ કોર્ટ

*ન્યુ દિલ્હી,તા.૩૦*

મેટરનીટી લીવ બાબતે સુપ્રિમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રિમ કોર્ટે એક કેસના સંદર્ભમાં સ્પષ્ટતા કરી કે, કોઈ મહિલા કર્મચારી બાળજન્મ, સુવાવડ માટે રજા પર જાય તો તેના આધારે તેને નોકરીમાંથી દુર કરી શકાય નહી.

દિલ્હી યુનિવર્સીટીના અરબિન્દો કોલેજના એડ હોક ડ્યુટી પર નોકરી કરતા મહિલા કર્મચારીએ મેટરનીટી લીવ લેતા તેની નોકરી સમાપ્ત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે તે આદેશ રદ કરી મેટરનીટી લીવના લાભ સાથે તે મહિલા પ્રોફેસરને ફરી નોકરીમાં લેવાના આદેશ આપતા જણાવ્યું કે માતા બનવાથી મહિલાઓની કાર્યક્ષમતા કોઈ રીતે ઘટતી નથી.

અગાઉ હાઈકોર્ટે પણ આ મહિલા પ્રોફેસરની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો પણ યુનિવર્સિટીના મેનેજમેન્ટે તેની સામે સુપ્રીમમાં રીટ કરી તે સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે રૂ.૫૦૦૦૦નો દંડ પણ કોલેજને ફટકાર્યો હતો. તેમ જ સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટના ચૂકાદાની પ્રશંસા કરી હતી.

# સાહિત્ય સરિતા

દિકરો માયા મુડી
ભણી ગણીને દિકરા થાય હોંશિયાર
માત પિતાને થાય આનંદ અપાર
પરણાવતાં ધર્મપત્નિ આવે
ને પરિવાર સજાવે
દેખી સુખી સંસાર દિકરા વહુનો
માત પિતા દિલમાં હરખાયે
ભલે પત્નિ નો પડતો બોલ
દિકરો ઝીલે
પણ મા બાપના શબ્દ વચન
કદાપિ ના ઠુકરાવે
મહા મહેનત કરી જે વસાવ્યું
મા બાપે જે સપનું સજાવ્યું
તેમનો અનાદર કુવર્તન કરી માબાપના
દિલમાં ના ઘાત કરે
ભલે હક્કથી વસિયત સ્વિકારે
ત્રાસ દઇ વૃધ્ધાશ્રમ ના બતાવે
છે માયા ને મુડી દિકરા પરિવાર
નિહાળી દિકરાનો આનંદ ખુશી
મા બાપ નાં હૈયાં થાય રાજી
મળે આશિષ જો માબાપના
પરિવારમાં થાય વૃધ્ધિ પ્રગતિ
"મન" કેનેડા

-----------------------------------

સંસાર નો સાર
સંસાર છે એક નદિયાં
દુખ સુખ બે કિનારા છે
ન જાણે ક્યાં જવાશે
અમો વહેતી ધારા છીયે
જિવનની ગતિમાં તાલ છે
સંબંધ બનવો કે બગડવો
આ સંસારનો સાર છે
ના કોઇ પોતાનું કે પરાયું છે
રિશ્તા નિભાવવો છેપડછાયો
કોણ છે આ દુનિયામાં એવો
ના કર્યું હોય પાપ જેણે તેવો
કાંટા વાગ્યા વિણ ના મળે
ફુલ પણ સહેજ માં માનવને
માનવ કુકર્મ કે સત્કર્મ જે કરે
કુદરત નો બદલો તેવો જ મળે
"મન" ??કેનેડા

-----------------------------------

તારા દુઃખને ખંખેરી નાખ,
તારા સુખને વિખેરી નાખ.
પાણીમાં કમળની થઈને પાંખ, જીવતરનું ગાડું હાંક.
સંસારી રે, તારા રામનો ભરોસો તું રાખ.
માટીનાં રમકડાં ઘડનારાએ એવા ઘડ્યાં,
ઓછું પડે એને કાંકનું કાંક, જીવતરનું ગાડું હાંક.
સંસારી રે, તારા રામનો ભરોસો તું રાખ.
તારા દુઃખને ખંખેરી નાખ, તારા સુખને વિખેરી નાખ.
તારું ધાર્યું કાંઈ ન થાતું, હરિ કરે સો હોય,
ચકલા ચકલી બે માળો બાંધે ને પીંખી નાંખે કોઈ.
ટાળ્યા ટળે નહીં લેખ લલાટે, કોનો એમાં વાંક?
જીવતરનું ગાડું હાંક.
સંસારી રે, તારા રામનો ભરોસો તું રાખ.
તારા દુઃખને ખંખેરી નાખ, તારા સુખને વિખેરી નાખ.
પ્હેરણ ફાટ્યું હોય તો તાણો લઈને તૂણીએ
પણ કાળજ ફાટ્યું હોય તો કોઈ કાળે સંધાય ના.
સંસારી રે, તારા રામનો ભરોસો તું રાખ.
કેડી કાંટાળી, વાટ અટપટી, દૂર છે તારો મુકામ.
મન મૂકીને સોંપી દે તું હરિને હાથ લગામ.
ભીતરનો ભરમ તારો ઉપરવાળો એક જ જાણે
અમથી ના ભીની કર તું આંખ, જીવતરનું ગાડું હાંક.
સંસારી રે, તારા રામનો ભરોસો તું રાખ.

-----------------------------------

ફક્ત ૮% લાઇવ ૬૫ વર્ષ
જેણે પણ આ લખ્યું / કમ્પાઈલ કર્યું છે, તે વ્યક્તિને સલામ છે!
વાંચો અને સમજો કે આપણે કેટલા નસીબદાર છીએ !!
પૃથ્વીની વર્તમાન વસ્તી લગભગ ૭.૮ અબજ છે.
મોટાભાગના લોકો માટે, આ એક ફક્ત મોટો આંકડો જ છે, બસ.
જો કે, કોઈએ વિશ્વના ૭.૮ અબજને (૧૦૦ વ્યક્તિઓ ) ટકાવારી પ્રમાણે ગણતરી કરી,
અને પછી આવેલ વિવિધ પરિણામી વિશ્લેષણ ટકાવારી આંકડા સમજવા માટે પ્રમાણમાં ખૂબ સરળ અને સમજવા જેવા છે.
૧૦૦ % માંથીઃ
(૧)
૧૧ % યુરોપમાં છે
૫ % ઉત્તર અમેરિકામાં
૯ % દક્ષિણ અમેરિકામાં
૧૫ %આફ્રિકામાં છે
૬૦ %એશિયામાં છે
(૨)
૪૯ % ગામડામાં રહે છે
૫૧ %શહેરો / શહેરોમાં રહે છે.
(૩)
૭૭% પાસે તેમના પોતાના મકાનો છે
૨૩% પાસે રહેવાની કોઈ જગ્યા નથી.
(૪)
૨૧% વધુ પડતુ ખાય છે
૬૩% સંપૂર્ણ ખાય શકે છે
૧૫% ઓછુ પોષિત (કુપોષિત) છે
૧% છેલ્લું ભોજન ખાય તે પછી કયારે ભોજન મળશે તે ખબર નથી.
(૫)
૪૮% નો દૈનિક જીવન નિર્વાહ યુએસ ૨ ડોલર કરતા પણ ઓછો છે.
(૬)
૮૭% પાસે પીવાનું શુદ્ધ પાણી છે
૧૩% કાં તો પીવાના શુધ્ધ પાણીનો અભાવ છે અથવા જે પાણીના સ્ત્રોત છે તે દૂષિત છે.
(૭)
૭૫% પાસે મોબાઈલ ફોન છે
૨૫% પાસે મોબાઈલ નથી.
(૯)
૩૦% પાસે ઇન્ટરનેટ છે
૭૦% પાસે ઓનલાઇન ની સગવડ નથી
(૧૦)
૭% યુનિવર્સિટી શિક્ષણ મેળવ્યું છે.
૯૩% કોલેજમાં ભણ્યા નથી.
(૧૧)
૮૩% વાંચી શકે છે
૧૭% અભણ છે.
(૧૨)
૩૩% ખ્રિસ્તીઓ છે
૨૨% મુસ્લિમ છે
૧૪% હિન્દુઓ છે
૭% બૌદ્ધ છે
૧૨% અન્ય ધર્મો છે
૧૨% ની કોઈ ધાર્મિક માન્યતા નથી.
(૧૩)
૨૬% ૧૪ વર્ષ કરતાં ઓછુ જીવે છે
૬૬%- ૧૫ વર્ષ થી ૬૪ વર્ષ વચ્ચે ની વયે મૃત્યુ પામ્યા.
૮% ની ઉંમર ૬૫ વર્ષથી વધુ છે.
જો તમારે તમારું પોતાનું ઘર હોય,સંપૂર્ણ ભોજન લઈ શકતા હોય અને પીવા માટે શુધ્ધ પાણી હોય,મોબાઇલ ફોન હોય, ઇન્ટરનેટ સર્ફ કરી શકો છો, અને કોલેજમા ગયા છો, તો
તમે એક નાના પણ વિશેષાધિકૃત લોટમાં છો.
યાદ રાખો
૭% કરતા ઓછી કેટેગરીમાં
વિશ્વમાં ૧૦૦ વ્યક્તિઓમાંથી, ફક્ત ૮ વ્યકિત જ ૬૫ વર્ષની વય સુધી અથવા તે કરતા વધારે જીવી શકે છે.
જો તમારી ઉંમર ૬૫ વર્ષથી વધુ છે, તો દરેક ક્ષણને માણો, જીંદગી આનંદ પૂર્વક સુખેથી જીવો અને કુદરત ના આભારી બનો. તમે આ દુનિયાને ૬૪ વર્ષની વય પહેલાં છોડી નથી,જેવી રીતે ૯૨% વ્યક્તિઓ જે તમારા પહેલાં ગયા છે. ખરેખર તમે સમગ્ર્ માનવ જગત મા ધન્ય છો અને કુદરતના આશીર્વાદ છે તમારા પોતાના સ્વાસ્થ્યની સારી સંભાળ રાખો કારણ કે કોઈ પણ તમારી જાતને તમારા કરતા વધારે જાણતુ નથી!
જીદગી ની દરેક બાકીની ક્ષણને માણો

-----------------------------------

ડાયાટિસના ના દર્દી માટે સારા સમાચાર
નીચેના બધા પાવડર મિક્સ કરી એક દમ ઝીણી લોટ ચારવાની ચારણી થી ચાળી ને વેક્યુમ પેક ડબ્બી મા ભરી લેવું અને રોજ સવારે નયણા કોઠે અને રાત્રે સૂતા પેહલા એક એક ચમચી હુફાળા પાણી સાથે લેવો.
અને જો રાત્રે ૨ વાટકી પાણીમાં ૨ ચમચી પલાળી રોજ સવારે જ્યાં સુધી એક વાટકી પાણી રહે ત્યાં સુધી ઉકાળી અને સવારે ૨ ચમચી
પલાળી તે પાણી રાત્રે સૂતા પેહલા પીવાથી ૮ થી ૧૨ અઠવાડિયા માં ગમે તેવો ડાયાબિટીસ દૂર થઈ જશે.
૧. કડવું પાવડર. ૨૫ગ્રામ
૨.કરિયાતું પાવડર ૨૫ગ્રામ
૩.કાંગશિયો પાવડર ૨૫ગ્રામ
૪.જાંબુ પાવડર ૧૦૦ગ્રામ
૫. કારેલા પાવડર ૧૦૦ ગ્રામ
૬. આંબળા પાવડર ૧૦૦ ગ્રામ
૭. કડવા લીમડા નો પાવડર ૨૫ગ્રામ.
૮.બીલીપત્ર પાવડર ૨૫ ગ્રામ
૯. નાગ કેસર ૨૦ગ્રામ.
૧૦. અજમો. ૫૦ ગ્રામ
૧૧. સૂંઠ. ૨૫ ગ્રામ
આટલું કરવાથી,
ડાયાબિટીસ, જીણો તાવ, શરદી, હાઈ બ્લપ્રેશર, લોહી નું શુદ્ધિ કરણ, પેટ ના રોગ, માથા ના રોગ, રદય ની બીમારી મા રાહત થાય છે.

-----------------------------------

વિરહણી...
પેલો મીઠડો ટહૂકો સૂણી
મનભાવન થઈ ડોલું ,રહું ઝૂમી,
આંતમને સ્પર્શે સ્પર્શ જાય ડોલી,
ચિત્ત થાય હરખ ઘેલું ગીત સૂણી !
પેલો..
રાહ જોઈ રહી તે પ્રિયતમની ઘણી
એ ચિર વિરહથી આંખો થાય ભીની,
ઘરા પર પ્રિત કરી કરી ઘાયલ હું ભૂલી,
તરફડી તોયે તેને સૂઝ ન પડી પ્રેમની ઘણી!પેલો..
શ્રધ્ધા તણી ઋતુઓ આવી ગઈ ઘણી,
ન જોયું ન માણ્યું મે હેત તે ગયું શાને શાની,
જલધિ કેરું વિષ પીનારી હું કેમ ખેંચાણી..?
વિષનું તે અમૃત કરી હું મીરાં ન કહેવાણી!પેલો...
જયશ્રી પટેલ

# શુ અમારા અબજો કરોડના લાખેણા પી.એમ આવા ઉતરેલા સી-પ્લેનમાં બેસશે?

આજે સવારથી ખબર પડી ત્યારથી મુડ વાસી પીત્ઝા જેવો થઈ ગયો છે. મન મશરુમ જેવુ વાસી થઉ ગયુ.. જીવ બગડી ગયેલી સ્પઘેટી જેવો થઈ ગયો..

૭૦ દાયકાની હિરોઈન જેવા જુના આ પ્લેનને સી-પ્લેન કહેવુ કે છીં પલેન કહેવુ?આજે જો રેખા જીનત કે શર્મિલા હેમા મેકઅપ કરે એટલે નવીનક્કોરર થઈ જાય?

નિયમિત સર્વિસ કરવામા આવે તો પણ આઠ જણનુ જોખમ ન લેવા દેવાય.. આપણા પ્રધાન સેવક આપણા માટે આવુ જોખમ લઈ રહ્યા છે.. આ માણસની કુરબાનીને કેટલાક ભક્તો શિવાય કોઈ સમજી શકતા નથી... અત્યારે ગુજરાતને રોપ-વે અને સી-પ્લેનની કેટલી તાતી જરુર છે એ સમગ્ર દેશ જાણે છે.. સરદારના સ્ટેચ્યુ ને કારણે આપણે લગભગ ૯૯% ગરીબી ખતમ કરી નાખી છે..

આ પ્લેન ભારતનુ દળદર દુર કરતા પહેલા ૧૯૯૧ મા રોયલ કેનેડિયન પોલિસ માટે ઉડતુ હતુ. પછી કેનેડિયન પોલીસે કેનેડાની કેનબોરેક એરકંપની ધમકાવીને જબરજસ્તી પહેરાવી દીધુ હશે.. પોલીસવાળા કહે એટલે કોણ ના પાડે.. આ કેનબોરેક એર કંપનીએ ત્રણ એક વરસ રાખી. ૨૦૧૦મા ઘરાક ખોળી નાંખ્યો.. ઈસ્તબુંલ.. તુર્કી... પાછુ આ પ્લેન ત્રણ વરસેય ના ટકયુ.. ૨૦૧૬મા માલદિવ આવી ગયુ.. અને ચાર વરસે ૫૧ વસસનુ થઈને ભારત આવ્યુ છે... આપણનેતો બધુ ચાલે.. પ્લેન પડશેતો પાણી મા જ પડશે..

અમે તો જુના પ્લેનથી ચલાવી લઈશું પણ અમારી દેશના ઉડ્ડયન મંત્રાલયને નમ્ર અપીલ છે. સાહેબ માટે તાત્કાલિક એક નવા સી-પ્લેનનો બંદોબસ્ત કરે.. અમે નથી ઈચ્છતા કે અમારા મોંઘેરા વડાપ્રધાન ૫૦ વરસ જુના છી-પ્લેનમા સફર કરે અમારા માટે આટલો મોટો ત્યાગ અમે નહી કરવા દઈએ.. ચાર પાંચ હજાર કરોડ આમ કે તેમ.. એવુ હશે તો અમે સો રુપિયે અડધો લિટર પેટ્રોલ ડિઝલ પુરાવા પણ તૈયાર છીએ... અમે પણ સાહેબ આપણી પાછળ ત્યાગ કરવા તૈયાર છીએ.. તમે એકલા એકલા આમ ક્યા સુધી ત્યાગ કરશો..આપે દેશ માંટે ઘર છોડયુ..હવે શુ અમારા માટે દેશ છોડી દેશો?

ડો સ્વપ્નિલ કેશવલાલ મહેતા

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મુખ્યકચેરી ૫૦% સ્ટાફ સાથે રોટેશન કરવા આદેશ

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ વિસ્તારમાં આવેલી મુખ્ય કચેરીમાં છેલ્લા ત્રણ દિવસમાં કોરોના સંક્રમિત કર્મચારીઓની સંખ્યામાં રોકેટગતિએ વધારો નોંધાતા મ્યુનિસપલ કમિશનર મુકેશકુમારે ખાસ પરિપત્ર કરીને તમામ ખાતાઓના ઉપરી અધિકારીઓને કડક તાકીદ કરતા જયાં સુધી મુખ્ય કચેરીમાં કોરોના સંક્રમણની સ્થિતિ કાબૂમાં ન આવે ત્યાં સુધી માત્ર પચાસ ટકા સ્ટાફને રોટેશનમાં બોલાવવા આદેશ કર્યો છે. ઉપરાંત જરૂર ન હોય તેવા કીસ્સામાં ઈ-મેઈલ અથવા મોબાઈલથી કામગીરી કરવા કહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં વિવિધ ખાતાઓ અને ઝોનની ઓફીસ આવેલી છે.

છેલ્લા ત્રણ દિવસમાં પ્લાનિંગ, ઓડીટ વિભાગ, સેન્ટ્રલ ઓફીસ સહીતની અન્ય ઓફીસના મળી દસથી પણ વધુ કર્મચારીઓ કોરોના પોઝિટિવ થતા છઠ્ઠા માળ પર આવેલી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં સંક્રમિત થવાનો ભય જોવા મળી રહ્યો છે. મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે મુખ્ય કચેરીમાં વધેલા કોરોના સંક્રમણને રોકવા ખાસ આદેશ કરતા પરીપત્ર દ્વારા તમામ વિભાગના વડા અધિકારીઓને એવી સુચના પણ આપી છે કે, શકય હોય ત્યાં સુધી મ્યુનિ.ની મુખ્ય કચેરીમાં રૂબરૂ આવવાનું ટાળવું. વર્ગ-ત્રણ અને વર્ગ-ચારના કર્મચારીઓને પચાસ ટકા રોટેશન મુજબ બોલાવવા. જે વિભાગની શહેરના અન્ય વિસ્તારમાં ઓફીસ આવેલી હોય તે વિભાગે શકય હોય ત્યાં સુધી તે સ્થળેથી જ કામગીરી કરવી. ઈ-મેઈલ અને મોબાઈલનો મહત્તમ ઉપયોગ કરવો.કોવિડ-૧૯ની અગાઉ જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરવો. મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ વિસ્તારમાં આવેલી મુખ્ય કચેરીમાં ગુરૂવારે વધુ પાંચ કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયા છે. જેમાં ઓડીટ વિભાગના એક, પ્લાનિંગ વિભાગના બે અને અન્ય વિભાગના બે કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત મ્યુનિ.પ્રાંગણમાં રેપીડ ટેસ્ટ માટે રાખવામાં આવેલા કીઓસ્કમાં ૮૦ થી વધુ લોકોના ટેસ્ટ કરાતા પંદર જેટલા મુલાકાતીઓ પણ કોરોના પોઝિટિવ થયા હોવાની વિગત ખુલવા પામી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીના પ્રાંગણમાં ચાલતી કેન્ટિન પણ તંત્ર દ્વારા બંધ કરાવી દેવામાં આવી છે. કેન્ટિનની આગળના ભાગમાં લોકો બિનજરૂરી એકઠા થતા હોવા ઉપરાંત માસ્ક પણ ન પહેરવામાં આવતા હોવાના કારણસર કેન્ટીન બંધ કરાવાઈ હોવાનું સત્તાવારસુત્રોમાંથી જાણવા મળ્યું છે.

# અકસ્માતમાં યુવક બન્યો બ્રેનડેડ, અંગદાન કરી ૮ લોકોને આપ્યું જીવતદાન



સુરત,તા.૩૦

સુરતના હીરા ઉધોગમાં આવેલા રામકૃષ્ણ એક્ષપોર્ટમાં રત્નકલાકાર તરીકે કામ કરતા પીયુષભાઇનું મોટરસાયકલ સ્લીપ થઇ જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. ઘટના સ્થળે હાજર લોકોએ પિયુષને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તબીબો એ બ્રેઈન ડેડ જાહેર કરતા પરિવારે યુવાન નાઅંગોમાં હૃદય, ફેફસાં, કિડની, લિવર, પેક્રીઆસ અને ચક્ષુઓનું પરિવારે દાન કરી આઠ વ્યક્તિઓને નવજીવન બક્ષી, માનવતાની મહેક ફેલાવી છે. સુરતના રામકૃષ્ણ એક્ષપોર્ટમાં રત્નકલાકાર તરીકે કામ પરિવારનું ગુજરાન ચાલતો પીયુષ નારણભાઈ માંગુકિયા (મૂળ ગામ-માળવાય, તા-મહુવા, જીલ્લો-ભાવનગર) થોડા દિવસ પહેલા પીયુષ કામ પરથી છુટ્યા બાદ અમરોલી ચારભુજા આર્કેડ એન્ડ રેસીડેન્સીમાં રહેતા સસરાને ત્યાં બીમાર પત્નીને મળવા ગયો હતો. ત્યાંથી રાત્રો ૧૦:૦૦ કલાકે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે અમરોલી સાયણ રોડ પર સાયણ ચેકપોસ્ટ પાસે આવેલ સદગુરુ પેટ્રોલપંપ પાસે મોટરસાયકલ સ્લીપ થઇ જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. ઘટના સ્થળે હાજર લોકોએ પિયુષને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કર્યો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યુ હતો જોકે સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે સીટી સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું બુધવાર તા.૨૮ ઓકટોબરના રોજ ન્યૂરોસર્જન પીયુષને બ્રેનડેડ જાહેર કર્યો હતો.

આયુષ હોસ્પીટલના મેડીકલ એડમિનિસ્ટ્રેટર સ્ટેટ એડવાઇઝરી કમિટી ફોર ઓર્ગન અને ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશનના કમિટી મેમ્બર અને ડોનેટ લાઈફના સ્થાપક-પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પીયુષના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી પીયુષના પિતા નારણભાઈ, મોટા પપ્પા ભુરાભાઈ, ભાઈ પરેશ, સાળા સંજયભાઈ, પિતરાઈ ભાઈ હસમુખભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાનનું મહત્વ અને તેની સમગ્ર પ્રક્રિયા સમજાવી.

# શરદપૂનમ માટે ખાસ અને મહત્ત્વનો સંદેશ

જો આપને આખું વર્ષ નિરોગી રહેવું હોય તો આપણે આપણા આરોગ્યની જાણવણી માટે એટલું ચોક્કસ કરીએ.

કોઈ વ્યક્તિ જ્યારે કુદરત સાથે સીધી જોડાયેલી હોય છે ત્યારે એની અંદર સોળે સોળ ગુણ ખીલે છે. ભગવાન કૃષ્ણમાં આવાં સોળે ગુણ ખીલેલાં છે

વર્ષમાં એક જ દિવસ એવો હોય છે કે જ્યારે ચંદ્ર સોળે કળાએ ખીલેલો હોય છે. આ દિવસે-રાત્રે ચંદ્રનાં જે કિરણો નીકળે છે એનાથી આપણાં શરીરને નવી ઊર્જા મળે છે. ચંદ્રનાં કિરણો એક અર્થમાં આકાશમાંથી સાચું અમૃત વરસાવે છે

ભારતમાં સદીઓથી શરદ-પૂનમની રાત્રે દૂધ, સાકર અને ચોખાથી બનેલી ખીર કે દૂધ પોઆ અગાસીમાં મૂકી રાખવાની પ્રથા છે

આખી રાત્રિ અથવા અમુક કલાક આ રીતે ખીરને અગાસીમાં રાખ્યા બાદ આરોગવામાં આવે તો ચંદ્રની આ ઊર્જા આપણને મળે છે. આપણે પ્રભુને કોઈ ચીજ ધરાવીએ એટલે પ્રભુની ઊર્જા એમાં પ્રવેશે છે અને એ ચીજ પ્રસાદ બની જાય છે. ખીરમાં ચંદ્રની ઊર્જા પ્રવેશવાથી આવી ખીર એ આયુર્વેદ પ્રસાદ બની જાય છે

આજે મૂળ વાત કરવી છે ખડીસાકરની,,,,!

શરદ-પૂનમની રાત્રે આપણે જો ખડી સાકર (મોટા ટુકડાવાળી) ને અગાસીમાં મૂકી દઈએ તો આખી રાત્રિ ચંદ્રની સોળે કળાઓ આવી ખડી સાકરમાં પ્રવેશે છે. શરદ પૂનમની રાત્રિએ ચંદ્રની અંદરથી એવા ખાસ કિરણો નીકળે છે જે આપણાં શરીરને આરોગ્ય અને મનને પરમ શાંતિ આપે છે. ખડી સાકરની અંદર ચંદ્રની આવી અસર પ્રવેશે છે. ચોમાસું પૂરું થાય અને શિયાળો શરૂ થાય એની વચ્ચેનો જે સમય છે એ છે શરદઋતુ ગાંધીની દુકાનેથી ૫/૧૦/૧૫/૨૦ કિલો કે આખા વરસની જે જરુર હોય તેટલી ખડી સાકર ખરીદીને લાવવાની. શરદ પૂનમે એટલે કે આસો સુદ પૂનમ, ૩૧ ઑક્ટો શનિવારે રાત્રે અગાસીમાં એક મલમલ જેવા આછા સફેદ કપડામાં એને મૂકી દેવાની. ઉપર જાળી ઢાંકી શકાય. સવાર સુધી આ ખડી સાકર અગાસીમાં રાખો એટલે ચંદ્રનાં શીતળ કિરણોની પિત્તશામક અસર એની અંદર આવી જશે. સવારે આ ખડી સાકરનાં થોડાંક નાના ટુકડા કરીને એને કાચની બરણીમાં ભરીને મૂકી રાખવાની જ્યારે એસિડિટી થાય, પેટમાં દુઃખે, માથું દુઃખે ત્યારે આ ખડી સાકર ચૂસવાથી ખૂબ ઝડપથી એસિડ શાંત થશે. પિત પેટમાંથી ઉપર ચડીને માથું દુઃખાડે છે. આવા સમયે આ ખડી સાકર ચૂસવાથી પિત શાંત થશે, સરવાળે માથું દુઃખતું મટશે. વર્ષ દરમિયાન આયુર્વેદની કોઈ પણ દવા કે અન્ય કિચન મેડિસીન લેતી વખતે એની સાથે આમાંથી થોડીક ખડી સાકર લેવાય તો એ દવાની અસર વધુ સારી થશે. થોડોક સમય કાઢીને આપણે પણ જો શરદ-પૂનમની રાત્રિએ અગાસીમાં બેસીએ તો આપણાં તન-મન ઉપર, આપણાં અગણિત ન્યૂરોન્સ પર એની અદભુત અસર થાય છે તો આવા શરદપુનમના તહેવારને વૈજ્ઞાનિક રીતે મનાવીએ આવી રહેલાં નવા વર્ષે આપનાં ઘેર કોઈ આવે ત્યારે એનું મોં નકલી દૂધનાં પેંડા, કાજુ કતરી કે બરફીથી કરાવવાને બદલે આવી ખડી સાકરથી કરાવશો તો એ વ્યક્તિને પણ લાભ થશે. આપ ઈચ્છો તો આવી સાકરનાં ૧૦૦ થી ૨૦૦ ગ્રામનાં પેકેટ કોઈને ભેટમાં આપીને આપણા સ્વજનોને નિરોગી રાખવા પ્રયત્ન કરજો આપણું લિવર પાચન માટે પિત (bile) બનાવે છે, આપણું પેટ એસિડ (hydrochloric acid) બનાવે છે અને આપણું સ્વાદુપિંડ (પેક્રિઆસ) સ્વાદુપિંડ-રસ (pancreatic juice) બનાવે છે. આ બધું પાચનનું ૪ થી ૫ લિટર પ્રવાહી પેટમાં ભેગું થાય છે. શરદ પૂનમની આ ખડી/સાકર બધાંને શાંત રાખી શકે એટલી તાકાત ધરાવે છે

૩૧ ઓક્ટોબરે શનિવારે શરદપૂનમ છે. હજુ આપની પાસે પૂરતો સમય છે. દુકાને જઈનેખડી સાકર લાવો,અગાસીમાં રાખીને આપ પણ એનો લાભ લો

આ સંદેશાનો તમારા બધા મિત્રો અને સગાસંબંધીઓને મોકલીને જાણ કરો

વંદે માતરમ, સર્વે સન્તુ નિરામયા, ૐ શાંતિ

# પયગંબરના કાર્ટૂનનો વિવાદઃ વડોદરામાં બોયકોટ ફ્રાન્સના પોસ્ટર લાગ્યા

વડોદરા,તા.૩૦

ફ્રાન્સમાં મોહમ્મદ પયગંબરના કાર્ટૂનને લઈને મુસ્લિમ બહુમતી ધરાવતા ૧૦થી વધુ દેશમાં ગુસ્સો વધી રહ્યો છે, ત્યારે ફ્રાન્સની હિંસાના પડઘા હવે વડોદરા શહેરમાં પણ પડ્યા છે. વડોદરાના રાવપુરા અને મચ્છીપીઠના નવાબવાડા વિસ્તારમાં ફ્રાન્સ વિરોધી પોસ્ટર લાગ્યા છે. જેમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનો બોયકોટ કરવામાં આવ્યો છે. જેમાં રસ્તા પર પણ ફ્રાન્સના રાષ્ટ્રપતિના તસવીર સાથે બોયકોટ ફ્રાન્સનું પોસ્ટર લગાવવામાં આવ્યું છે. તેના પરથી લોકો અને વાહનો પસાર થઈ રહ્યા છે. આમ વડોદરા શહેરમાં લઘુમતિ કોમમાં ફ્રાન્સ સામે આક્રોશ જોવા મળી રહ્યો છે.

લઘુમતી કોમની ધાર્મિક લાગણી દુભાઈ હોવાના કારણે વડોદરા શહેરમાં ફ્રાન્સ વિરોધી બેનર્સ લાગ્યા છે. જેમાં કોમ અપને નબી કી શાન મે ગુસ્તકી કરને વાલે કે ખિલાફ ના બોલે ઉસ કોમ કો દુનિયા મેં જીને કા હક નહીં તેવા લખાણ સાથેના બેનર્સ લગાવવામાં આવ્યા છે અને ફ્રાન્સની કોઈપણ વસ્તુ વેચવા કે, ખરીદવાની નહીં તેવી અપીલ કરવામાં આવી છે અને લોકોએ ચપ્પલ મારીને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની તસવીરને કાળી કરી હતી.

પયગંબર મોહમ્મદના કાર્ટૂનને લઈને મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોમાં ગુસ્સો વધી રહ્યો છે. સૌથી પહેલાં તૂર્કીએ આ મામલામાં ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનના નિવેદનની ટીકા કરી હતી. ત્યાર પછી સાઉદી અરબ, કતાર, જોર્ડન, લિબિયા, સીરિયા, કુવૈત અને પેલેસ્ટાઈને ફ્રાન્સની ચીજવસ્તુઓનો બહિષ્કાર શરૂ કર્યો હતો. હવે પાકિસ્તાન અને ઈરાનની સંસદે ફ્રાન્સ વિરુદ્ધ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, ત્યારે હવે ભારતમાં પણ તેનો વિરોધ શરૂ થયો છે.

# ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી રજની પટેલ થયા કોરોના સંક્રમિત

મહેસાણા,તા.૩૦

ગુજરાત રાજ્યમાં જીવલેણ કોરોના વાયરસનો કહેર યથાવત છે. ઉલ્લેખનીય છે કે આ વાયરસો કહેર યથાવત રહ્યો છે. ત્યારે આ ઘાતક મહામારીના ભરડામાં સત્તાધારી પક્ષ કે વિપક્ષના નેતાઓ ભરડામાં આવી ચૂક્યા છે. નોંધનીય છે કે આ જીવલેણ બિમારી અંતર્ગત દિગ્ગજ નેતાઓ સહિતના લોકો પણ આવી ચૂક્યા છે. ત્યારે આ મહામારીમાં સત્તાધારી પક્ષના વધુ એક રાજનેતા ઝપેટમાં આવ્યા છે. આ નેતાએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી.

ઉલ્લેખનીય છે કે ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ ગૃહ રાજયમંત્રી રજની પટેલ ઘાતક મહામારીની ઝપેટમાં આવ્યા છે. તેમનો રિપોર્ટ પોઝિટીવ આવતા પરિવારજોનામાં ચિંતાનું મોજુ ફેલાયું છે. ઉલ્લેખનીય છે કે નેતાએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે મારા સંપર્કમાં આવેલા તમામ વ્યકિતોએ સાવચેતી રાખવી જરૂરી છે. અને તપાસ કરાવો, નોંધનીય છે કે તેમનો રિપોર્ટ પોઝિટીવ આવતા હાલ તેઓ હોમ ક્વોરન્ટાઈન થયા છે.રજની પટેલે ટ્વિટમાં લખ્યું છે કે મારો રિપોર્ટ પોઝીટિવ આવ્યો છે, હું ચાર દિવસ પહેલા કોરોનાથી સંક્રમિત થયો છું, હાલ સારવાર હેઠળ છું અને હોમ આઈસોલેટ થયો છું. ભગવાનની કૃપાથી મારું સ્વાસ્થ્ય સારુ છે.



માનનીય ગૃહમંત્રી શ્રી પ્રદીપ સિંહ જાડેજા સાહેબ શ્રી પુનિત મહારાજ ના આશ્રમ મોટીકોરલ માં આવ્યા હતા

# બનાસકાંઠાના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાની શરૂઆત કરાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના મહામારી વચ્ચે આજથી બનાસકાંઠાના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાની શરૂઆત કરાઈ છે. જેના કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૧૧૦ જેટલા ગામોને ૧૭ હજાર હેક્ટર જમીનમાં સિંચાઈ માટે પાણી મળી રહેશે.



ઉપરવાસમા ચાલુ વર્ષે ચોમાસામાં ભારે વરસાદના કારણે દાંતીવાડા ડેમમાં પાણીની ખૂબ આવક થઇ હતી. દાંતીવાડા ડેમમાં અત્યારે ૫૯૧ ફુટ જેટલું પાણી ભરાયેલું હોવાથી આગામી ફેબ્રુઆરી સુધીમાં અનેક વખત પાણી આપવાની વાત સામે આવી છે

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું શરૂ કરવામાં આવ્યુ છે. આજથી જ ૨૦૦ ક્યુસેક પાણી કેનાલ મારફતે છોડવામાં આવી રહ્યું છે.

જેમાં આગામી ફેબ્રુઆરી મહિના સુધીમાં ૫ વખત ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવશે. જેનો લાભ બનાસકાંઠા અને પાટણ જીલ્લાના સરેરાશ ૧૧૦ ગામના ખેડૂતોને મળશે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે, ગત વર્ષે દાંતીવાડા ડેમમાં નહિવત પાણી હોવાના કારણે આજુબાજુના વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મેળવવામાં થોડી મુશ્કેલી રહેતાં ખેતી પાકને કેટલાક અંશે નુકસાન થયું હતું.દાંતીવાડા ડેમ બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન છે. આ વર્ષે ભારે વરસાદના કારણે દાંતીવાડા ડેમમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થતાં બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૧૧૦ ગામની સરેરાશ ૧૭,૦૦૦ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈ માટે મોટી રાહત થઇ છે.

### અમદાવાદ શહેરના મધ્યામાં

# ભદ્ર મંદીર થી ત્રણ દરવાજા સુધી આવેલા તમામ પાથરણા બજાર સ્વૈચ્છીક રીતે બંધ રાખવામાં આવશે



દિવાળીના માંડ ગણત્રિના દિવસો બાકી રહેલ છે ત્યારે અમદાવાદની સ્થાનિક પ્રજા અને બહારગામથી લોકો શહેરના મધ્યામાં ભદ્ર પ્લાઝા ત્રણ દરવાજા અને ઢાલગરવાડ કાપડ બજાર અને પાથરણા બજારમાં લોકો ખરીદી કરવા ઉમડી પડ્યા છે. આ ભીડનો લાભ લઈ ગઠીયાઓ ને મહીલા પાકીટમાર ની ટોળકીઓ સક્રીય થઈ હોય ખરીદી કરવા આવતા લોકોની પર્સની અને માલસામાનની ચોરીઓના બનાવો બનતા હોય છે.

આથી આ બાબતને ધ્યાનમાં લઈ પાથરણા બજારના આગેવાનો, મહીલા પોલીસ અને કારંજ પોલીસ ના સહયોગથી ભદ્રકાળી મંદિર થી ત્રણ દરવાજા સુધી લાઉડ સ્પીકર લગાવામાં આવેલ છે. માઈક દ્વારા સતત લોકોને સાવચેત રહેવા અંગે તેમજ કોરોના જેવી બીમારીથી લોકોને સાવધ રહેવા અને સોશીયલ ડિસટન્સ રાખવા અને માસ્ક પહેરવા અંગે એનાઉન્સ કરવામાં આવી રહ્યું છે.

તા. ૩૦ ઓક્ટોબર, શુક્રવારના રોજ ઈસ્લામ ધર્મના પયગમ્બર મુહમ્મદ સાહેબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નો જન્મ દિવસ એટલે કે ઈદે મિલાદુન્નબી નો પર્વ છે. દર વર્ષે સમગ્ર વિશ્વ માં આ તહેવાર ધામધૂમ થી જુલુસ નીકાળીને ઉજવવામાં આવે છે. . પરંતુ કોરોનાનો કેર હજુ યથાવત હોવાથી સરકારશ્રી અને અમદાવાદ પોલીસ કમિશનરશ્રી ના જાહેરનામા મુજબ કોઈપણ જાહેર જગ્યા પર અને ધાર્મિક સ્થળો પર મોટી ભીડ એકત્ર કરવા પર પ્રતિબંધ કરવામાં આવેલ છે. તેમજ ધાર્મિક તહેવારોમાં મંદીર મસ્જીદના ટ્??સ્ટીઓ અને આગેવાનો ને પણ આ બાબતે સુચનાઓ અને સોશ્યલ ડિસ્ટન્સ અને એસઓપી ગાઈડલાઈન પર અમલ કરવા જણાવેલ છે. આ બાબતને ધ્યાનમાં લઈ ભદ્ર – ત્રાણદરવાજા પાથરણા બજારના આગેવાનો દ્વારા ઈદેમિલાદ નીમીતે વધુ ભીડ એકત્ર ન થાય તે હેતુસર અમદાવાદ શહેરના મધ્યામાં ભદ્ર મંદીર થી ત્રણ દરવાજા સુધી આવેલા તમામ પાથરણા બજાર સ્વૈચ્છીક રીતે બંધ રાખવામાં આવશે.

ફોટો સ્ટોરી – કુશલ ભટ્ટ

# ગિરનાર રોપ-વેની ટિકીટ મુદ્દે રાજપૂત કરણી સેનાના અધ્યક્ષે નોંધાવ્યો વિરોધ

ગિરનાર,તા.૩૦

એશિયા ના સૌથી મોટો ગિરનાર રોપ-વે ચાલુ થયે હજુ ગણતરીના દિવસો વિત્યા છે, ત્યારે રોપ-વેના ભાવમુદ્દે રાજનીતિ શરૂ થઇ ચુકી છે. રવિવારે હજી તો વડાપ્રધાન મોદી દ્વારા ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. એક તરફ અંબાજી દર્શનના કારણે લોકોમાં ઉત્સાહ છે. બીજી તરફ ઉષા બ્રેકો કંપનીની ટિકિટના ઉંચા ભાવને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

હાલ ગુજરાત રાજપૂત કરણી સેનાના અધ્યક્ષે જુનાગઢ ગિરનારમાં બનાવેલ એશિયાના સૌથી મોટા રોપ-વેની કંપની ઉષા બ્રેકોને ચીમકી ઉચ્ચારી દીધી છે. ગુજરાત રાજપૂત કરણી સેનાના અધ્યક્ષે ગિરનાર રોપ-વેના તોતિંગ ટિકિટ ભાવનો જોરદાર વિરોધ કર્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે.

એટલે રાજપૂત કરણી સેનાના અધ્યક્ષે ચીમકી ઉચ્ચારતા જણાવ્યું છે કે, જો ટિકિટનો ભાવ નહીં ઘટાડવામાં આવે તો જવલંત આદોલનની ચીમકી આપી છે. રાજપૂત કરણી સેનાએ ખાલી કંપનીને જ નહીં, રાજ્ય સરકાર અને ઉષા બ્રેકો કંપનીને ચીમકી આપી છે.

બીજી બાજુ નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ અને જૂનાગઢવાસીઓનું વર્ષો જુન સ્વપ્ન હતું કે, રોપ વે યોજના સાકાર થાય. જો કે રોપવેની ટિકિટનો ભાવ વધારે હોવાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલની ટિકિટ અને જીએસટીના ભાવથી વિરોધના વંટોળ ઉભા થયા છે. જેને લઇ સ્થાનિકોમાં વિરોધનો સુર ઉઠ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે,

જુનાગઢના કોંગ્રેસના ધારાસભ્ય ભીખાભાઇ જોશીએ જણાવ્યું કે, રોપ-વેની ટિકિટ ૩૦૦ રૂપિયા રાખવા માટે મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો હતો. જુનાગઢ ધારાસભ્ય ભીખાભાઇ જોશીએ ટિકિટ મુદ્દે જણાવ્યું કે, જુનાગઢમાં રોપવે ચાલુ થતા ઉષા બ્રેકો કંપનીએ ૭૫૦ ભાવ રાખ્યો છે. જેથી જુનાગઢના ધારાસભ્ય તરીકે કહુ છું કે, ૭૫૦ રૂપિયા ભાવ ગરીબ વર્ગ કે મજુરવર્ગને પોષાય તેમ નથી. પાવાગઢમાં રોપવેની ટિકિટ ૧૫૦ રૂપિયા છે. જેના કરતા ગિરનારની લંબાઇ ૩ ગણી છે અને ભાવ ૬ ગણો છે. જેથી ભાવ અયોગ્ય છે. અમે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે કે, ભાવન ૩૦૦ રૂપિયા કરવામાં આવે તે જરૂરી છે નહી તો આ રોપ-વે અમીર લોકોનું પ્રતિક બની જશે.

# ભૂદેવ બ્રાહ્મણ પરિવાર દ્વારા વડોદરામાં સ્વજન સેવા કાર્યરત કરાઇ



મનીષ જોષી મૌન દ્વારા વડોદરા

સનાતન સત્ય છે..મૃત્યુ. વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ પાસે સમય બહુ ઓછો હોય છે. તેથી જો પોતાના સ્વજનનું મૃત્યુ થાય ત્યારે તે એક દિવસ પુરતું ભોજન તે પરિવારને નિઃશુલ્ક પહોંચાડીને સદગતને સાચી શ્રધ્ધાંજલિ આપવાની સેવા વડોદરામાં ભૂદેવ બ્રાહ્મણ પરિવાર અને વીએસ ગૃપ દ્વારા ' સ્વજન સેવા ' નામ થી કાર્યરત કરાઈ છે. તેનું લોકાર્પણ જોઈન્ટ શિક્ષણ કમિશનર ગાંધીનગર નારાયણ માધુ અને નિવૃત કલેકટર શ્રીનિવાસ મનોહરના હસ્તે કરવામાં આવ્યું. આ યોજના માંજલપુર, મકરપુરા, તરસાલ અને વાડી વિસ્તાર માટે હાલ શરૂ કરાઈ છે. તે માટે પ્રજ્ઞેશ પુરાણી મો.૯૯૦૯૦૦૨૫૬૭, હેમાંગ પુરોહિત મો.૯૮૭૯૪૪૨૦૧૯, રાજેશ દેસાઈ મો.૯૮૨૪૨૯૧૯૭૮, જનક જોષી મો.૯૯૦૯૪૧૪૫૦૧ પર સંપર્ક કરવો.

### આવો કોઈની મદદ કરીએ (વીર પ્રતાપ ફાઉન્ડેશન ) દ્વારા


# અબોલ પશુ - પક્ષીઓ માટે દાણા - પાણી, ઘાસ - બિસ્કીટ ની સગવડ કરવામાં આવી



આ જીવન કોઈને કામ આવી જાય જેમનો જીવન મંત્ર છે એવા વીર પ્રતાપ ફાઉન્ડેશન ના સ્થાપક ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા દર પંદર દિવસે હિંમતનગર તાલુકા ના મોટા ચબૂતરે અબોલ પક્ષીઓ ને દાણા - પાણી ની સગવડ કરવામાં આવે છે, તથા પશુઓ ને ઘાસ અને કૂતરાઓ ને બિસ્કીટ - બાજરી ના રોટલા ની સગવડ કરવામાં આવે છે, આવો કોઈની મદદ કરીએ ફાઉન્ડેશન ની ટીમ દ્વારા ગૌરક્ષક બંટીભાઈ મહેતા, હર્ષ પટેલ (ગ્રીન ફિલ્ડ આર્મી) ના સહયોગ થી ગાયત્રી મંદિર, હનુમાન મંદિર (છાપરીયા) , મોતીપુરા સર્કલ, મહાકાલી મંદિર અને અન્ય જગ્યાઓ પર આવેલ ચબૂતરા ઓ પર દાણા પાણી ની સગવડ કરવામાં આવી,

આ કાર્ય મા મિતુલ ભાઈ વ્યાસ, જસવંતસિંહ સોલંકી, પ્રતિકભાઈ પટેલ, સુનિલભાઈ શાહ, સંજયભાઈ ગાંધી, મયુરભાઈ પ્રજાપતિ, કમલ ભાઈ મોદી, પ્રફુલભાઈ સોની, મયુર ભાઈ પરમાર હાજર રહ્યા હતા,

# સિદ્ધપુરમાં ખડાલીયા હનુમાનદાદા ની પલ્લી મહોત્સવની ઉજવણી કરવામાં આવી



ધ્રુવ દવે સિદ્ધપુર પાટણ

ઐતિહાસિક ધાર્મિક નગરી સિધ્ધપુર શહેરના ઉત્તર દિશામાં રાજપુર ગામે ખડાલીયા હનુમાન દાદા નું પ્રાચીન મંદિર આવેલું છે.હજારો વર્ષ પૂર્વે ખડાલ ગામ આવેલ હતું આ હનુમાનદાદા ઉદેપુરના પહાડોમાં સ્વયંભૂ પ્રગટ થયેલા અને લાખા વણઝારા ની પોઠ મારફતે ખડાલ ગામમાં આવી તેમની સ્થાપના કરવામાં આવી હતી .ખડાલ ગામ પરથી હનુમાન દાદાનું નામ ખડાલીયા હનુમાન તરીકે ઓળખાય છે.હજારો વર્ષ પહેલા ખડાલ ગામ ધ્વસ્ત થઈ ગયું હતુ અને ખડાલ ગામના રહીશો જુદા જુદા ગામમાં વિખરાઈ ગયા હતા પરંતુ દાદા નો પલ્લી નો ઉત્સવ આદિ અનાદિકાળથી ઉજવાય છે આસો સુદ ચૌદસના દિવસે સવારે દાદાનો હવન અને ધજા ચડાવવામાં આવે છે.

આ વખતે વૈશ્વિક કોરોના મહામારી ના પગલે ભારત સરકારની કોવીડ ૧૯ ની ગાઈડલાઈન મુજબ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સાથે દર્શનાર્થીઓ દર્શન કરવા આવ્યા હતા

# સ્વ. કેશુભાઈના સન્માનમાં એક એગ્રિકલ્ચર યુનિનું તેમના નામે નામકરણ કરવા સ્વામીની માગ

અમદાવાદ,તા.૩૦

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું ગઈકાલે ૯૨ વર્ષની વયે નિધન થયું હતું. ત્યારે સાંસદ અને પૂર્વ કેબિનેટ મિનિસ્ટર સુબ્રહ્મણ્યન સ્વામીએ કેશુભાઈ પટેલને સન્માન આપવાની માગ કરી છે. ટ્વિટર પર ટ્વીટ કરીને તેમણે ગુજરાત સરકારે કેશુભાઈ પટેલને તેમના યોગદાન બદલ તેમના સ્મરણ માટે કોઈ એક યુનિવર્સિટીને તેમનું નામ આપવા માગ કરી છે. ગઈકાલે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના ભીષ્મ પિતામહ ગણાતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે સ્ટર્લિંગ હોસ્પિટલમાં નિધન થયું હતું.

તેમને સવારે શ્વસા લેવામાં તકલીફ થતાં હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે ડોક્ટરોએ આપેલી ટ્રીટમેન્ટ કારગત નીવડી ન હતી અને બાપાએ દુનિયાને અલવિદા કરી હતી,. મધ્યાહનની આસપાસ જ ૧૧-૫૫એ તેમનું નિધન થયું હતું. ત્યાર બાદ તેમના પાર્થિવદેહને તેમના નિવાસસ્થાને લઈ જવાયો હતો, જ્યાં રાજકીય નેતાઓ, કાર્યકરો સહિતના લોકોએ અંતિમ દર્શન કર્યાં હતાં. ત્યાર બાદ સાંજે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. 'બાપા' તરીકે જાણીતા કેશુભાઈનો જન્મ જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૨૪ જુલાઈ ૧૯૨૮એ થયો હતો. તેમનું નિધન ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ થયું હતું. કેશુભાઈએ જાહેર અને રાજકીય જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. તેમણે અમદાવાદના ડોન લતીફને તેના હોમગ્રાઉન્ડ એવી પોપટિયાવાડમાં જઈ પડકાર્યો હતો. કેશુભાઈએ અનાજ દળવાની ઘંટી ચલાવવાથી લઈ મુખ્યમંત્રીપદે પહોંચવા સુધી ખૂબ સંઘર્ષ વેઠ્યો હતો. વર્ષ ૧૯૪૩માં નિર્માણ પામેલા મચ્છુ ૧ ડેમના ચણતરકામ દરમિયાન માત્ર ૧૫ વર્ષીય કેશુભાઇ પટેલ ત્યાં અનાજ દળવાની ઘંટી ચલાવતા હતા.


# બ્રહ્મ કાંતિ સંઘ આયોજિત બ્રહ્મ ફેરનું ભવ્ય આયોજન

તારીખ ૭. ૧૧. ૨૦૨૦ થી તારીખ ૧૩. ૧૧ .૨૦ ....૭ દિવસ માટે આયોજન થશે આ આયોજનમાં માત્ર ૨૦ સ્ટોલ બનાવવામાં આવશે.. સાત દિવસનું ભાડું માત્ર ૫૫૦૦ રૂપિયા રાખેલ છે જેમાં દસ બાય દસ નો મંડપ બે ખુરશી અને બે ટેબલ તથા લાઈટ પાણી અને ચુસ્ત સિક્યુરિટીની વ્યવસ્થા આપવામાં આવશે આ બ્રહ્મ કુંભમાં ભાવનગર જિલ્લા તેમજ શહેરના બંધુઓ મુલાકાત લેશે પાંચ સ્ટોલ વચ્ચે એ ક રૂમ આપવાની વ્યવસ્થા શક્ય બનશે તો કરીશું... આ સ્ટોલ માત્ર બ્રહ્મ સમાજના વેપારી ઉદ્યોગપતિ કે સંસ્થાઓને જ આપીશું... આ કોઈ ધંધાદારીહેતુથી આયોજન કરવામાં આવતું નથી માત્ર કોરોના કાળના મંદીના માહોલમાં વેપારીઓને નવા ગ્રાહકો મળે તેમજ સમાજના લોકોને વ્યાજબી ભાવે અને સારી ક્વોલિટીની વસ્તુ મળે તે હેતુથી આયોજન કરવામાં આવેલ છે આયોજન અંતે જો કોઈ રકમ વધશે તો આપણા સમાજના જરૂરિયાતમંદ ગરીબ પરિવારોને કીટ રૂપે આપીશું... આ પ્રયાસ પ્રથમ વખત કરવામાં આવતો હોય તો થોડી ઘણી ભૂલ ચલાવી લેવાની રહેશે... સ્ટોલ નોંધણી માટે માત્ર ત્રણ દિવસ તારીખ ૩૧.૧૦ થી ૨.૧૧ સુધી સમય રાખ્યો છે જો આ ત્રણ દિવસમાં વીશ સ્ટોલ નું બુકિંગ નહીં થાય તો આયોજન બંધ રાખવામાં આવશે માત્ર ત્રણ દિવસમાં વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ થશે... બુકિંગ સાથે રૂપિયા ૨૦૦૦ ડિપોઝિટ પેટે આપવાના રહેશે જો આ ફેર થાય અને બુકિંગ કેન્સલ કરવામાં આવે તો ડિપોઝીટ પરત આપવામાં આવશે નહીં જેની સ્પષ્ટ નોંધ લેવી..

બુકિંગ માટે નીચેના નંબર પર સંપર્ક કરશો...૧. કિરીટભાઈ ભટ્ટ મોબાઇલ નંબર...૭૫૬૭૦૧૧૦૩૩....૨.મનીષભાઈ ઉપાધ્યાય૫૯૮૨૫૬૬૯૦૯૧...૩...જયેશભાઈ ભટ્ટ.૯૭૨૬૭૦૬૩૭૩...

ડિપોઝિટ ભરવાનુ સ્થળ.. ગાયત્રી મેડિકલ સ્ટોર ૧૨ નંબરના બસ સ્ટેન્ડ પાછળ ભરત નગર ભાવનગર.. સવારે ૧૦થી ૨ સાંજે ૫ થી ૯....

આયોજન નું સ્થળ. સંત કવરરામ સિંધી હાઇસ્કુલ સરદાર નગર સર્કલ ભાવનગર





# સિદ્ધપુર અંબાવાડી ના ચાચર ચોકમાં ગરબા ની અનોખી પરંપરા

ધ્રુવ દવે સિદ્ધપુર પાટણ

ઉત્તર ગુજરાતની ધાર્મિક નગરી અને દેવોનું મોસાળ તરીકે જાણીતું એવું સિધ્ધપુર શહેરમાં વિવિધ નાના મોટા તહેવારો , પલ્લીઓ નવરાત્રિ જેવા ઉત્સવો રંગે ચંગે ઉજવાતા હોય છે , ત્યારે ચાલુ વર્ષે કોરોના મહામારીના કારણે તમામ ઉત્સવો , તહેવારો , પલ્લીઓની સાદગી પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરના કેટલાક વિસ્તારોમાં નવરાત્રીનો પ્રારંભ આસો સુદ એકમ થી થાય છે અને પૂર્વ વિસ્તારોમાં આસો સુદ ચોથના દિવસે પ્રારંભ થાય છે.

સિધ્ધપુરમાં ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિની વાડી કે જયાં અંબે માતાનું મંદિર આવેલું છે જેના લીધે આ વાડી અંબાવાડી તરીકે પણ ઓળખાય છે. આ વાડીમાં શહેરની પ્રથમ નવરાત્રી શરૂ કરવામાં આવી હતી. મંદિરમાં માતાજીના નવલા નોરતા દરમિયાન ભક્તો દ્વારા માતાજીની આરાધના કરવામાં આવે છે એવી જ રીતે સિધ્ધપુરના સૌથી જૂનું મંડળ ગણાતું એવું શ્રી શક્તિ મંડળ દ્વારા માતાજીના ચાચર ચોકમાં આસો સુદ અગિયારસ થી પૂનમ સુધી માતાજીના ભજન અને ગરબા ગવાય છે અને ભક્તો દ્વારા ઢોલ , અને મંજીરાના તાલે ગરબાની રમઝટ બોલાવાય છે. શક્તિ મંડળ દ્વારા છેલ્લા ૭૩ વર્ષથી અંબાવાડી ખાતે માતાજીના ચાચર ચોકમાં પરંપરાગત રીતે આસો સુદ અગિયારસ થી પૂનમ સુધી માતાજીના ગરબા અને ભજન ગાઈ માતાજીની આરાધના કરવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન માતાજીનું મંદિર વિવિધ રંગબેરંગી રોશની થી શણગારવામાં આવે છે.

કોરોના કાળમાં પણ સરકારના નીતિ નિયમ મુજબ માતાજીના ચાચર ચોકમાં ગરબાનો કાર્યક્રમ યથાવત્ રાખવામાં આવ્યો છે. શક્તિ મંડળની સ્થાપના ચંદુ દાદા આચાર્ય દ્વારા કરવામાં કરવામાં આવી હતી તેમના પછી તેમના પુત્ર ભુપતભાઈ આચાર્ય અને તેમની નવી પેઢી માં પુનીત ભાઈ આચાર્ય પરંપરાગત

માતાજીના ગરબા અને ભજન ગવડાવી માતાજીની આરાધના કરવામાં આવે છે અને ભક્તો દ્વારા ગરબાનો આનંદ માણવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK